# જિલ્લા શિક્ષણાંધિકારીની કચેરી સુરત

બ્લોક-એ.ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no:-૦૨૬૧-૨૬૬૨૯૦૨web :-www.suratdeo.org


જા.નં.મા-૨/પરિપત્ર/૨૦૨૩/8456

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઇન્સ, સુરત
તા.૧૨/૦૬/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ રજીસ્ટર માધ્યમિક/ઉ.મા.શાળાઓ તરફ.

આ સાથે સામેલ સંયુકત શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક/ઘ/માધ્ય/પરચ/૨૦૨૩/૭૭૧૫-૪૮ તા.૦૮/૦૬/૨૦૨૩ના અન્વયે તમામ શાળામાં ચાલુ વર્ષે ૨૧ મી જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે રાજ્યમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમો કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમો નિહાળવા બાબતે જાણ તથા અમલ થવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લો.સુરત

ઈ-મેઈલ

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૩/ ૧૧૫૫-૪૮

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૦૮/૦૬/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : 'વિશ્વ યોગ દિવસ-૨૦૨૩' ની ઉજવણી બાબત.
સંદર્ભ : રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજીત બેઠક અન્વયે માન. સચિવશ્રી (શિક્ષણ) ની મળેલ સૂચના.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ૨૧ મી જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવા માન. વડાપ્રધાનશ્રી દ્વારા સંયુક્ત રાષ્ટ્રસંઘની ૬૯ મી સામાન્ય સભા સમક્ષ રજૂ કરેલ પ્રસ્તાવને મળેલ મંજૂરી અન્વયે વર્ષ ૨૦૧૫ થી પ્રતિ વર્ષ ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ચાલુ વર્ષે નીચેની વિગતે શાળાઓમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવાની થાય છે. જે અંતર્ગત ૧૭ જૂન ૨૦૨૩ ના રોજ નીચેની વિગતે તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું રહેશે.

- આચાર્યશ્રીઓ પોતાના પ્રવચનમાં આપણી ભારતીય સંસ્કૃતિ યોગનું મહત્વ સમજાવે, માન. વડા પ્રધાનશ્રીનું યોગને વૈશ્વિક ફલક પર લાવવા અંગેનુ યોગદાન તથા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અંગેની માહિતી આપે.
- શૈક્ષણિક સમય દરમિયાન યોગ અંગે ચિત્રકલાનું આયોજન
- યોગ અંગેની જાગૃતિ માટે પ્રભાત ફેરીનુ આયોજન
- BISAG ના માધ્યમથી વિદ્યાર્થીઓ કોમન યોગ પ્રોટોકોલની તાલીમ મેળવે. (જે અંગેના પ્રસારણના સમય હવે પછીથી જાણ કરવામાં આવશે.)

ઉક્ત પ્રવૃત્તિઓનું આયોજન આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કરવા અંગે આપની કક્ષાએથી તાબાની તમામ માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૩/૨૦૫૮-૧૪૦

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,

બ્લોક નં- ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગુ. રા. ગાંધીનગર. તા. ૦૮/૦૬/૨૦૨૩

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષય:- ૨૧ મી જુન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ:- માન. સચિવશ્રી, (માધ્યમિક અને પ્રાથમિક શિક્ષણ) ની સૂચના અન્વયે.

ઉપર્યુકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી યોગ વિદ્યા ને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા સંયુક્ત રાષ્ટ્રસંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ ૨૧ મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજૂર કરવામાં આવેલ હતો જેના ભાગરૂપે સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧મી જુનના દિવસને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે વર્ષ-૨૦૧૫ થી પ્રતિ વર્ષે ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સમગ્ર વિશ્વમાં કરવામાં આવે છે.

૨૧મી જૂન ૨૦૨૩ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સમગ્ર રાજયમાં વિશાળ જન ભાગીદારી સાથે ખૂબ જ ભવ્યતાથી થાય તેમજ એ પહેલા આ અંગે સમાજમાં જન જાગૃતિ આવે તે માટે તા.૧૭/૦૬/૨૦૨૩ના શનિવારના રોજસવારે નીચે મુજબના કાર્યક્રમો કરવાના રહેશે.

- આચાર્યશ્રીઓ પોતાના પ્રવચનમાં આપણી ભારતીય સંસ્કૃતિ યોગનું મહત્વ સમજાવે, માન. વડાપ્રધાનશ્રીનું યોગને વૈશ્વિક ફલક પર લાવવા અંગેનું યોગદાન તથા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અંગેની માહિતી આપે.
- યોગ અંગેની જાગૃતિ માટે પ્રભાત ફેરીનું આયોજન.
- શૈક્ષણિક સમય દરમિયાન યોગ અંગેના ચિત્રકલાનું આયોજન કરવામાં આવે.

તેમજ વિદ્યાર્થીઓ દ્વારા ગામમાં પ્રભાતફેરી ફેરવવામાં આવે, પ્રભાતફેરીમાં યોગ્ય પ્લેકાર્ડનો ઉપયોગ કરવામાં આવે, વિદ્યાર્થીઓ શાળામાં પરત આવી સુર્યનમસ્કાર કરે અને વિવિધ પ્રકારના યોગાસનો કરાવવામાં આવે તેમજ જિલ્લા કક્ષાએથી સૂચના મળે તે રીતે યોગ દિવસની ઉજવણી કાર્યક્રમમાં ભાગ લેવા નો રહેશે.

ઉકત બાબતે આપના હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓને આપની કક્ષાએથી જરૂરી સુચના આપવા આથી જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક

પ્રાથમિક શિક્ષણ

ગુ.રા.ગાંધીનગર